GOVERNMENT ARTS AND COMMERCE COLLEGE, NETRANG
TA -NETRANG, DI-BHARUCH **TELE.NO. (O) (02643) 283417**
Email: gaccnetrang@gmail.com **Website: gaccnetrang.gujgov.edu.in**
prin-gaccnetrang@gujgov.edu.in **Accredited 'B' 2.32 CGPA by NAAC**

તા. 11/01/2026

અહેવાલ

તા. 10/01/26ના રોજ અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, નેત્રંગના વિદ્યાર્થીઓએ લર્નિંગ એન્ડ એક્સપોઝર કમ સ્ટડી ટૂર ફોર સ્ટુડન્ટ્સ(K.C.G.)અંતર્ગત અમૂલ ડેરી, આણંદની મુલાકાત લીધી.

આચાર્યશ્રી ડૉ.જી.આર.પરમાર સાહેબના માર્ગદર્શન હેઠળ Innovation Club અને STUDENT START UP AND INNOVATION POLICY અંતર્ગત વિદ્યાર્થીઓના ઔદ્યોગિક જ્ઞાન, નવોચ્ચાર વિચારધારા અને વ્યવહારિક અનુભવના વિકાસ માટે અમૂલ ડેરી, આણંદની ફિલ્ડ વિઝિટ કરવામાં આવી હતી.આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને અમૂલ ડેરીના ઇતિહાસ, સહકારી આંદોલન, ડેરી ઉદ્યોગની કાર્યપદ્ધતિ તેમજ "White Revolution"માં અમૂલના યોગદાન અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. અમૂલના નિષ્ણાત અધિકારીઓ દ્વારા દૂધ સંકલનથી લઈને પેકેજિંગ અને વિતરણ સુધીની સમગ્ર પ્રક્રિયાની સમજ આપવામાં આવી.વિદ્યાર્થીઓએ આધુનિક યાંત્રિકરણ, ગુણવત્તા નિયંત્રણ, હાઇજિન મેનેજમેન્ટ, ટેકનોલોજીના ઉપયોગ તેમજ નવીન ઉત્પાદનોના વિકાસ અંગે પ્રત્યક્ષ અવલોકન કર્યું. Innovation Clubના ઉદ્દેશ્ય મુજબ વિદ્યાર્થીઓમાં નવીન વિચારસરણી, ઉદ્યોગસાહસિકતા અને વ્યવસાયિક દૃષ્ટિકોણ વિકસે તે માટે આ મુલાકાત અત્યંત ઉપયોગી સાબિત થઈ. આ ફિલ્ડ વિઝિટનું આયોજન Innovation club co ordinator પ્રા. અંબુજ તિવારી અને IQAC CO Ordinator ડૉ.એમ.પી.શાહે કર્યું હતું. SSIP કો ઓર્ડીનેટર પ્રા. જે.પી.વૈષ્ણવ, મુલાકાતી વ્યાખ્યાતા પ્રા.ક્રિષ્નાબેન ભગત, પ્રા.મનીષભાઈ વસાવા અને પ્રા.મનીષભાઈ ગામીત અને તમામ અધ્યાપક મિત્રો સહયોગી બન્યા હતા.